સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

બારે માર, બધા દિવસો ઉજવ્યા કરે છે,
તસુ પણ ભૂમિ નહીં ના નારા ગજવ્યા કરે છે,
પજવ્યા કરે છે ના-પાક આતંકી બેફિકર -
અરૂણાચલમાં ચીન તો લજવ્યા કરે છે.

હાઈકુ

પીગળી જાય
'ગોળ' ટેબલ પર
માટી પગાઓ

કામ ન કરે
નારાનું હથિયાર
મોરચા પર !

ચિંતન

ભા ભ્રાતા ભ્રાતરં દ્વિકાન્યા સ્વસારમુત સ્વસા ।
સમ્યશ્ચ સવૃત્તા ભૂત્વા વાચં વ્હાત ભટ્યા ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

ભાઈ પોતાના ભાઈઓનો દ્વેષ ન કરે, બહેન પોતાની બહેનનો દ્વેષ ન કરે. તેઓ બધાં એક વિચાર અને એક કર્મ વાળા થઈ પરસ્પર કલ્યાણની વાતો કરે.

પરિવાર તૂટે નહિ, એક અને અખંડ રહે તેવી ભાવના વ્યક્ત કરતાં ઋષિ કહે છે કે પરિવારમાં આપ નાના-મોટા સૌનું ધ્યાન રાખીને વ્યવહાર કરતાં સરખા વિચાર રાખીને તથા સમાન કાર્ય કરતાં જઈને એકબીજાથી અલગ ન થાઓ. પરિવારના હિતમાં ઉપદેશ આપતા કહે છે કે જેમ ચક્રના આરા નાભિને આધારે રહે છે તેમ બધાં સાથે મળીને રહો.

જર-જમીન અને જોરું એ ત્રણેય કજિયાનાં છોરું. બચપણમાં બધાં ભાઈ-બહેનો સંપીને પ્રેમપૂર્વક સાથે રમતાં હોય છે પણ ત્યાગ સમર્પણના સંસ્કારને અભાવે સ્વાર્થ અને વ્યક્તિગત લાલસાને કારણે તથા પરિવારમાં પત્નીના પ્રભાવે પતિ નિર્બળ પુરવાર થાય છે અને મંથરા - કૈકેયીઓ કુટંબમાં કલહના બીજ રોપે છે.

સુવિચાર

- સબકુછ હાંસિલ વહી હોતા જીંદગી મેં યહાં,
  કિસી કા 'કાશ' તો કિસી કા 'અગર' છુટ હી જાતા હૈ - **બશીરભદ્ર**
- જેણે ઈચ્છા છોડી તેણે ઘર છોડવાની જરૂર નથી,
  સાચો ત્યાગી ત્યાં રહે છે ત્યાં જ ભજન અને કંદરા છે - **વેદ વ્યાસ**
- જગતમાં એકલપંથે ચાલતા એકલવીરો એ જે સિદ્ધિ મેળવી છે
  એ ડાયરા જમાવનારાઓએ નથી મેળવી - **ઝવેરચંદ મેઘાણી**
- માનવીને ભૂલ કરવાની સ્વાતંત્રતા પણ હોવી જોઈએ - **ર. વ. દેસાઈ**
- કાન જ્ઞાનને સાંભળવાની શોભે છે, કુંડળથી નહીં, હાથ દાનથી શોભે છે,
  કંકણથી નહીં,સજ્જનોનું શરીર પરોપકારથી શોભેછે, ચંદનના લેપથી નહીં - **અમૃતકુંભ**
- જેણે નાહક કોઈ ઈન્સાનને કતલ કર્યો તેણે આખી ઈન્સાનિયતને કતલ કરી - **કુરાન શરીફ**
- આજનું ઔષધ : લસણની ગળીઓને વાટી તેની પોટલી બનાવીને સુંઘવાથી ઉધરસ અને કફમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ચીનના પ્રખ્યાત ચિંતક-તત્ત્વજ્ઞાન ચુઆંગ ઝુ નદીના કિનારે બેઠા હતા. નદીમાં એક કાચબો પોતાના નિજાનંદમાં તરી આનંદ લઈ રહ્યો હતો તેણે જોતા હતા. એવામાં રાજાનો એક અમલદાર આવ્યા. એમણે પ્રમાણ કરીને કહ્યું રાજાએ ચુંઆંગ ઝૂને મંત્રી બનાવવાનું નક્કી કર્યું. અને દરબારમાં પધારવા નિમંત્રણ પાઠવ્યું છે.' ચુઆંગ ઝૂએ કહ્યું, 'મેં સાંભળ્યું છે કે રાજાને ત્યાં એક મરેલો કાચબો છે કે જેણે ત્રણસો વર્ષથી મસાલા ભરીને સાચવી રાખવામાં આવ્યો છે. રાજા તેને ખૂબ માન આપે છે અને તેની ભક્તિપૂર્વક પૂજા પણ કરે છે. શું આ વાત કરી છે ? જવાબમાં અમલદારે કહ્યું, 'હાજી, એ વાત સાચી છે. એ કાચબો રાજા માટે ખૂબ નસીબવંતો અને પવિત્ર મનાય છે.'' ઝૂએ કહ્યું, 'એ મરેલો કાચલો આવું માન-પાન પૂજા પામે, પણ કાચની પેટીમાં પુરાઈ રહે અને એના કરતાં આ નદીમાં જીવતો રહી. આ કાચબાની જેમ નિજાનંદથી તરે અને મોજ કરે, એ સારું કે નહીં ? અમલદારે કહ્યું, 'આ નદીનો કાચબો પોતાની મરજી મુજબ આનંદ કરે એ જ સારું કહેવાય.''ઝૂએ કહ્યું, 'આપ રાજાને કહી દો મારે પણ કાચબાની જેમ મોજથી જીવતા રહી મનગમતી રીતે જીવન જીવવું છે. મારે પ્રધાન બનવું નથી. કેમ કે જે સત્તામાં પ્રજાનો પ્રતિનિધિનો અવાજ હોય નહીં એમની સાથે મારાથી રહી ન શકાય કે કોઈ પણ સારું કામ કરી શકાય નહિ.' અમલદાર વીલા મોઢે ઝૂનો સંદેશો લઈ પરત ફર્યો.

ઓવૈસીનું રહસ્યમય રાજકારણ

તંત્રીસ્થાનેથી...

દેશના રાજકારણમાં 'હિંદુત્વ' જેમ જ ઈસ્લામિક વોટબેંક પણ અસરકારક રહેતી આવી છે. ખરું પૂછો તો ઈસ્લામિક વોટબેંક ને કારણે જ હિંદુત્વ વોટબેંક મજબૂત બનતી રહી છે. આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં ધર્મના નામે રાજકારણ ખેલનારાઓને મતદાતાઓ જાકારો આપતા રહ્યા. કોંગ્રેસની બિનસાંપ્રદાયિક છબી હિંદુ-મુસલમાન-શીખ સહિત તમામને અનુકૂળ લાગતી રહી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓમાં પણ ધર્મના નામે કોઈ ભેદભાવ નહોતા. આંબેડકર જેવા દલિત સમર્થક નેતા સામે કોંગ્રેસના દલિત નેતાને જિતાડી શકાતો હતો. ધીરે ધીરે હિંદુ બહુમતી જ્ઞાતિવાદી રાજકારણમાં વહેંચાતી થઈ ગઈ અને મુસ્લિમો મહદંશે કોંગ્રેસની સાથે રહ્યા. જો કે ઉત્તર ભારતનાં બે અતિ મહત્ત્વના મુસ્લિમોએ પણ ધીરે ધીરે કોંગ્રેસનો સાથ છોડી સ્થાનિક પાર્ટી સાથે રહેવામાં ક્ષેય જોયું. પરિણામે ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો સવિશેષ મુલાયમસિંહ યાદવના સમાજવાદી પક્ષ સાથે ગોઠવાતા ગયા અને બિહારમાં લાલુપ્રસાદ યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી મુસ્લિમોનું ધ્રુવીકરણ કરવામાં અગ્રેસર રહી. તેમ છતાં ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ વગેરે રાજયોમાં કોંગ્રેસની મુસ્લિમ વોટબેંકને ખાસ ઘસારો નહોતો પહોચી શક્યો કારણ કે સામે બીજો કોઈ સક્ષમ વિકલ્પ નહોતો. મહારાષ્ટ્રમાં એ વિકલ્પ શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ સ્વરુપે અને પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ તરીકે પ્રાપ્ત થયો. હૈદરાબાદ મૂળે નિઝામનું રજવાડું હતું અને મહાનગર પૂરતી મુસ્લિમ વોટબેંક કબજે કરવાનું નિઝામ સાથે સંબંધ ધરાવતા ઓવૈસી પરિવાર માટે મુશ્કેલ નહોતું. ઓવૈસીની પ્રાદેશિક પાર્ટી છેલ્લાં ઘણાં વર્ષોથી હૈદરાબાદનું પ્રતિનિધિત્વ કરતી રહી છે. તેલંગાણાં રાદજય અલગ થતાં ઓવૈસી પ્રાદેશિક પાર્ટી તેલંગાણા રાષ્ટ્રિય સમિતિ સાથે ગઠબંધન રચી એમનું વજૂદ અકબંધ રાખી શક્યા છે. કોંગ્રેસની પ્રસ્થાપિત વોટબેંક તરીકે મુસ્લિમો ધીરે ધીરે દૂર ખસતા ગયા અને કેટલાક વેપારી વર્ગના મુસ્લિમો તો સમયનો તકાદો સમજી ભાજપ તરફ પણ વળ્યા છે. પરંતુ છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન દેશમાં હિંદુત્વના મુદ્દે ભારતીય જનતા પાર્ટી અને એની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા વધુ આક્રમણ વલણ લેતા મુસ્લિમો મૂંઝવણમાં મુકાઈ ગયા છે. એમને અગાઉની સરકારો જેવી 'સ્પેશિયલ' ટ્રિટમેન્ટ મળતી બંધ થઈ છે. ઉત્તરપ્રદેસ જેવા મોટા રાજયમાં તો યોગી સરકાર તોફાની તત્ત્વો પર અત્યંત કઠોર બની ગઈ છે. ગુજરાતમાં ગોધરાકાંડ પછી મુસ્લિમોને પોતાની હેસિયત સમજાઈ ગઈ છે. આ બધી જ ઘટનાઓ ઓવૈસીની 'એઆઈએમએમ' પાર્ટી માટે મુસ્લિમ વોટબેંક પર હાવી થવાની સોનેરી તક સમાન પુરવાર થઈ છે. ઓવૈસી હવે હૈદરાબાદના નેતા નહીં રહેતા મુસ્લિમોના 'રાષ્ટ્રીય નેતા' બની ગયા છે. તેઓ ભારતીય જનતા પાર્ટીને આડકતરી મદદ જ કરી રહ્યા હોવાનું જાણતા હોવા છતાં મુસલમાન મતદારો એમનાથી આકર્ષાતા રહ્યા છે. દરેક રાજયમાં એમણે પોતાનો પથારો લંબાવ્યો છે. પશ્ચિમ બંગાળમાં એમની હાજરીથી લોકસભાની ચૂંટણીમાં ભાજપને સારો એવો ફાયદો થયો હતો. બિહારમાં એમણે જદ(યુ) ભાજપ ગઠબંધન અને રાજદ-કોંગ્રેસ ગઠબંધન વચ્ચે ફાંસ મારીને અંતે તો નિતિશકુમારના નેતૃત્વવવાળી નવી સરકાર બનાવવામાં જ આડકતરી મદદ કરી હતી. હવે તેઓ ગોવા અને ઉત્તરપ્રદેશમાં પોતાનો દાવ અજમાવી રહ્યા છે. એમની 'મોડસ ઓપરેન્ડી' હમણાં ભાજપને ગાળો ભાંડીને એને મદદરુપ થવાની રહી છે. તેઓ એમનાથી સલામત છેટું રાખી ચૂંટણી લડવા માગે છે. પરંતુ ઓવૈસી એમનો વ્યાપ વધારવા નગણ્ય નાના પક્ષો સાથે ગઠબંધન કરીને પણ મુસ્લિમોનું સમાજવાદી પાર્ટી તરફ થતું રહેતું ધ્રુવીકરણ અટકાવવા કૃતસંકલ્પ છે. ઓવૈસી વારંવાર કહેતા ફરે છે કે એકલા હાથે અખિલેશથી કશું વળશે નહીં. મુસ્લિમોએ યાદવ - મુસ્લિમ ફોર્મ્યુલાથી બહાર નીકળી પોતાનું વજૂદ સાબિત કરવું પડશે. એમણે લખીમપુર ખીરીની ઘટનામાં આશિષને બદલે અતીક હોત તો ક્યારનુંય એના પર બુલડોઝર ફેરવી દેવાયું હોત એવું વિધાન કરી મુસ્લિમોની વોટબેંકમાં ગાબડું પાડવાની કોશિશ કરી છે. એથી જે થોડાક મુસ્લિમો 'સપા' થી દૂરી બનાવશે તે અંતે તો ભાજપના ફાયદામાં જ રહેશે. બાજપનો સખત વિરોધ કરીને તથા મોદી સામે ઝેર ઓકીને અંતે તો ઓવૈસી ભાજપ અને મોદીને જ મદદ કરતા રહે છે.

'સાહેબ મારી કેટલી મોટી મજબૂરી છે...

નવાં કલેવર
નટવર હેડાઉ

શાક માર્કેટમાં શાકભાજી વેચનારીઓ એવું બની ઠની. સુંદર શણગાર સજી, મેકઅપ કરીને બેસે છે ન પુછો વાત. જાણે કોઈ નાટકમાં અભિનય કરવા આવી ન હોય !

પ્રત્યેક ગ્રાહકને હંસીને, લળી લળીને બોલાવવા, લલચાવવા તે જાણે કે તેમની રોજબરોજની આદતમાં છે. સાંજે સાડા સાતે એક દિવસ હું પણ શાકભાજી ખરીદવા જઈ પહોચ્યો.

ઉંચા ઓટલે બેઠેલી એક શાકવાળી બહુ સુંદર મનમોહક લાગી. વાત કરવાની ઢબ, સ્મિત અને અભિનય સાથે નો લહેકો હું તો જોતો જ રહી ગયો. મેકઅપ એટલો કે ૨૦-૨૫ તો તેની પાછળ જ ખર્ચી નાંખ્યા હશે. તેણે મને બોલાવ્યો.

'આવો સાહેબ... આવો... જૂઓ કેવા સરસ તાજા શાકભાજી છે. સાહેબ ન લેવાં હોય તો ન લેતા પણ એક વાર જોતા તો જાવ.'

હું તેના ઓટલાની પાસે પહોંચ્યો. તે હલકા હાથે શાકભાજી પર પાણીનો છંટકાવ કરતી હતી. શાકભાજી પર નજર ફેરવી તો મોટાભાગનું શાંક છંટાઈને વીંણાઈને જતું રહ્યું હતું. બાકી જે શાકભાજી હજીં તેના પર માખીઓ સેમ્પલ ટેસ્ટ લઈ રહી હતી. પાણીના છંટકાવ છતાં તે સહેજ ઉડતી પણ ન હતી. હું ઘડીક તેની સામે તો ઘડીક શાકભાજી સામે જોતો હતો.

તે બોલી 'કેમ છો સાહેબ.... શું ચાલે છે. હમણાં તો ઘણાં દિવસે દેખાયા... તાજાં શાકભાજી ખાવાનું છોડી દીધું છે કે શું ? કે પછી ચટણી-અથાણાથી ચલાવી લો છો.'

હું વિચારમાં પડ્યો. કેમ કે શાકભાજી લેવા મોટા ભાગે તો મારી પત્ની જ જાય છે તો પછી આ આવી રીતે વર્ષોનો ઓળખાણ હોય તેમ વાત કઈ રીતે કરે છે. કદાચ મને ઓળખવમાં તેની કંઈક ગેરસમજ થઈ ગઈ હોવી જોઈએ.

મેં કહ્યું, 'ના... ના.... એવું તો કંઈ નથી. ગામડે ગયેલા ત્યાંથી શાકભાજી આવેલ તેનાથી હમણાં ચાલતું હતું. વળી વચ્ચે દાળ ને એવું બધું... મોંઘવારી કેટલી વધી ગઈ છે.'

તેના થડા પર એટલી ભીડ થઈ રહી હતી કે વાત જ ન પુછો. કોલેજિયન યુવાનો તેને ત્યાં જ શાક વીણતા નજરે ચડતા હતા. વરણાગીયા યુવાનો જોતાં કયાંક અને શાક લેતા કયાંક. તે જ વખતે બે યુવાનો મોટર સાયકલ પર આવ્યા. એક બોલ્યો, 'હાય.... શું માલ છે.' બીજા મિત્રએ જે શાકભાજી લેતાં હતો. તેને કહ્યું, 'અરે ! શાકભાજીને શું જૂએ છે. જરા ઊંચે નજરે કરી શાકવાળીને જો.' પછી બોલ્યો. 'હાય... એકવાર જો...'

શાકભાજી તેના તરફ હસી પડી. ઊભી થઈ જરા લટકો-મટકો કરી અહીંથી બોલી. 'મોટર સાયકલથી નીચે તો ઊતરો.'

બંને યુવકો થડા પર આવ્યા. જોત જોતામાં બસો રુપિયાનાં શાકભાજી લગભગ સડેલાં હતાં તેમાંથી વીંણી વીંણીને લઈ ગયા.

મેં હિંમત કરીને શાકવાળીને પૂછ્યું, 'બાઈ, આટલો મેકઅપ, લટકા ઝટકા શું કામ કરે છે. હમણાં પેલા છેલબટાઉ છોકરાઓ કેવું બોલીને ગયા છતાં તે...'

તે બોલી 'સાહેબ મારી કેટલી મોટી મજબૂરી છે ઘરમાં વૃદ્ધ સાસુ-સસરા. અપંગ પતિ ઉપરાંત પાંચ બાળકોનું ભરણપોષણ કરવાનું. તેમને ભણાવવાના ખર્ચા. આટલું બોલતાં બોલતાં તેની આંખમાં જળજળીયાં આવી ગયાં.'

હું આમ ન કરું તો મારાં શાકભાજી કોણ લેશે. મેં પણ શાક ખરીધ્યું અને તેની પીડાથી દ્રવિત થતાં ઘરે પાછો ફર્યો.

ગાંધીને ગમે તેવા પત્રકારત્વનો ઉજળો ઇતિહાસ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

જન્મભૂમિ ટ્રસ્ટના અખબારોએ સૌરાષ્ટ્ર – કચ્છ તેમજ મુંબઈનું પત્રકારત્વ વિકસાવવામાં તેમજ તેને પ્રતિષ્ઠિત કરવામાં સિંહફાળો આપ્યો છે. આ અખબારોએ કાળના સતત બદલાતા પ્રવાહમાં પત્રકારત્વના ધોરણો જાળવવામાં ભોગ પણ આપીને સ્વીકૃત ધોરણોનો માનદંડ ઉન્મત રાખેલો છે. આવા એક ગાંધીજીને ગમે તેવા પત્રકારત્વની તેમજ પત્રકારોની વાત ગાંધી જન્મજયંતિના ઓક્ટોબર માસમાં વિશેષ સ્મૃતિમાં આવે છે. તેનો ઉજળો ભૂતકાળ થોડો વાગોળીએ તો આ બાબત વિશેષ સ્પષ્ટ થશે.

અમૃતલાલ શેઠ અને 'સૌરાષ્ટ્રલ્ન અખબાર તથા ધોલેરા સત્યાગ્રહના ઉલ્લેખ સિવાય ગુજરાતના સ્વાધિનતા સંગ્રામનો ઈતિહાસ અધૂરો ગણાય તેમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી. સ્મૃતિમાંથી કદી વિસ્મૃત ન થાય તેવા શેઠ તથા વીરતાની અજાયબ લાગે તેવી ધોલેરા સત્યાગ્રહની વાતો આપણા સામાન્ય ગણાતા લોકોની અસામાન્ય શક્તિની પ્રતિતિ કરાવી જાય છે. તેથી તે અમીટ છે. આ વાતના સંદર્ભમાં એક વિસરાઈ ગયેલા કવિ ગજેન્દ્ર બૂચની અર્થસભર પંક્તિ યાદ આવે છે :

કંઈક ચિત્રો એવાયે છે,
ધૂઓ શતધાર જો;
ફરી ફરી બને તાજા
ભૂંસાય ન રેખ કો !

બાપુના જન્મ દિવસે બીજી ઓક્ટોબર-૧૯૨૧ – સૌરાષ્ટ્ર પત્રનો પ્રારંભ અમૃતલાલ શેઠના તંત્રીપદે થયો. પ્રથમ તંત્રીલેખમાં તેમણે યાદગાર શબ્દો લખ્યા :

''ઉત્પતિ અને લય, ઉદય અને અસ્ત એ સર્વ ઈશ્વરની લીલા છે. એમાં વળી પ્રયોજન શાં ? ક્યાં બધા પ્રયોજનો પાર ઉતરે છે ? ... દિલમાં ઉમેદ રાખી દેશનું ભલું કરવું, મનુષ્યની સેવા કરવી.. મોટાથી દબાયા સિવાય કે નાનાને દૂભવ્યા સિવાય, લોકકલ્યાણની પ્રવૃત્તિ આદરવી એ મનુષ્ય માત્રનું લક્ષ હોવું જોઈએ.''

નામ પ્રમાણે જેમનો કોઠો અમૃતથી ઉભરાતો હતો તેવા અમૃતલાલ શેઠનો આ સેવા કરવાનો સંકલ્પ માત્ર કથની પૂરતો મર્યાદિત ન હતો. કથની તથા કરણીના ઉજળા અનુસંધાનથી શેઠ અમૃતલાલ આપણી સ્મૃતિમાં ચિરંજીવી રહ્યા છે. ''પત્રકાર સેનાપતિ અમૃતલાલ શેઠ'' (લેખક : જયમલ્લ પરમાર. સંપાદન : રાજુલ દવે) નામના પ્રવીણ પ્રકાશનના પુસ્તકના દસ્તાવેજી માધ્યમથી અમૃતલાલ શેઠના જીવન તેમજ કાર્યોની વાસ્તવિક ઝાંખી અનેક લોકોને થઈ છે તથા થઈ રહી છે. બ્રિટીશ સત્તાની સામે સિંહનાદ કરનાર અમૃતલાલ શેઠ વીધ્વત્વ તેમજ વીરત્વનું પ્રતિનિધિત્વ કરનારા હતા. 'સૌરાષ્ટ્ર' અખબાર દૂભ્યા દબાયેલા અનેક સામાન્ય લોકોની વેદનાને વાચા આપનાર હતું. શ્રીમદ્ર રાજચન્દ્રના નાનાભાઈ મનસુખભાઈ રવજીભાઈ મહેતાએ 'સૌરાષ્ટ્ર' અખબાર શરૂ થયું ત્યારે શેઠને કહ્યું હતું : ''જેનું કોઈ નથી તેના તમે બનો'' આ વાતને કેન્દ્રમાં રાખીને જેનું કોઈ ન હતું તેની વહારે સૌરાષ્ટ્ર ચડ્યું હતું. અમૃતલાલ શેઠના સાથીઓમાં ગુણવંતરાય આચાર્ય, કક્કલભાઈ કોઠારી, રામુ ઠક્કર કે બળવંતરાય મહેતા (પાછળથી જેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા) જેવા દિગ્ગજો હતા. પછીથી ઝવેરચંદ મેઘાણી, નિરંજન વર્મા (નાનભા ગઢવી) તેમજ જયમલ્લ પરમાર પણ મેઘાણીભાઈના આગ્રહથી 'સૌરાષ્ટ્રલ્ન માં જોડાયા હતા. ૧૯૨૫ના એપ્રિલમાં ગાંધીજી રાણપુર આવ્યા ત્યારે 'સૌરાષ્ટ્ર' ના મકાનમાં નિવાસ કરેલો. અમૃતલાલ શેઠે તે સંદર્ભમાં લખ્યું : 'રાણપુરના આંગણે સોનાનો સૂરજ ઊગ્યો તેના તેજ 'સૌરાષ્ટ્ર' ને તો અનાયાસે અને કદાચ વિના અધિકારેમળી ગયા છે.' ગાંધીજી તથા સરદાર સાહેબ સાથે કેટલાક વૈચારિક મતભેદો છતાં બાપુ પરત્વેની શેઠની શ્રધ્ધા હમેશા દ્રઢ રહી છે. બાપુને પણ શેઠ સાહેબની સત્યપ્રિયતા માટે સંપૂર્ણ આદર છે. ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો)ના લીંબડીમાં અમૃતલાલ શેઠનો જન્મ ૨૫ ઓગસ્ટ-૧૮૯૧માં થયો. તેઓએ પૂરતું શિક્ષણ મેળવીને ૧૯૧૫માં વઢવાણમાં વકીલાતની કારકિર્દી શરૂ કરી. લીંબડીના રાજવીએ આ યુવાનની ક્ષમતા જોઈને તેની નિમણુંક લીંબડીમાં ન્યાયધિશ તરીકે કરી. અમૃતલાલ શેઠની કાર્યક્ષમતા તેમજ નિષ્ઠા પારખીને તેમને લીંબડી રાજયના દિવાન તરીકે લાવવા તેવી મહેચ્છા રાજવીના મનમાં હતી. પરંતુ કાળનું નિર્ધારણ કંઈક જૂદું હતું.

સાયમન કમીશનના વિરોધમાં દેશભરમાં લડત ચાલતી હતી. લાલ લજપતરાયનું પોલીસની બેરહમીથી આઘાતજનક મૃત્યુ થયું હતું. તેનો વિરોધ તેમજ લાલાજીના મૃત્યુ બાબત શોકની લાગણી લાગણી વ્યક્ત કરવા લીંબડીમાં નગરજનોની એક વિશાળ શોકયાત્રા નીકળી. આ બાબત તો તે સમયના જુસ્સાને ધ્યાનમાં લેતાં સમજી શકાય. પરંતુ લીંબડીના લોકોને અચંબો એ વાતનો થયો કે લીંબડી રાજયે જેમની નિમણુંક કરેલી તે રાજયના ન્યાયધિશ અમૃતલાલ શેઠ માથા પર સફેદ સાફો ધારણ કરી આ શોકયાત્રાની દોરવણી કરતા હતા. શોકસભા પણ મળી. આ શેઠ સાહેબને સાચવવાની શક્તિ હવે દેશી રાજયમાં ન રહે તે સ્વાભાવિક છે. ૨૨૨ રજવાડાઓમાં વેતરાઈને પડેલા સૌરાષ્ટ્રના મોટાભાગના રાજવીઓ પ્રજા સાથે જેવો ઈચ્છે તેવો વ્યવહાર કરે પણ તેઓ ગોરા હાકેમોને નારાજ કરતા ન હતા. આથી કાઠિયાવાડની પ્રજા અંગ્રેજોની સત્તા તેમજ રાજવીઓની જોહુકમી નીચે તણાવયુક્ત જીવન જીવતી હતી. આથી આ શોકયાત્રાના માધ્યમથી પ્રજાના અજંપાને વાચા આપી શેઠ સાહેબે લોકચળવળ તેમજ લોકહિતના કામોમાં ઝંપાલાવ્યું. માનપાનયુક્ત નોકરી તથા તેના લાભો આ વીરને બંધનમાં રાખી શક્યા નહિ. અમૃતલાલ શેઠના નેતૃત્વમાં વીરોની એક નાની છતાં ચીનગારીનું કામ કરે તેવી સેના સ્વાર્પણના ભાવ સાથે મુક્તિની ચળવળમાં ફનાગીરી વહોરવા સ્વેચ્છાએ તૈયાર હતી. આ વીરોના મતે બ્રિટીશરો સામે આ આખરી તેમજ નિર્ણાયક લડત હતી.

લીંબડી રાજયની સુવિધાયુક્ત નોકરી છોડ્યા પછી અમૃતલાલ શેઠે પોતાનો કર્મયજ્ઞ એક ચોક્કસ કામ સાથે જોડ્યો. જેમાં લોકોના પ્રશ્નોને નિર્ભયતાથી રજૂ કરવામાં આવે તેવા પત્રકારત્વનો પ્રારંભ રાણપુરમાં 'સૌરાષ્ટ્ર' પત્રથી થયો અને વિકસતો રહ્યો.

ભારતનું કૌશલ્ય પ્રતિદિન વિદેશોમાં જઈ રહ્યું છે, જાગીશું ?

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

માનવીય વ્યવહારોમાં માન સાથે કદરની બહુ ઊંચી કિંમત હોય છે અર્થાત્ દરેક વ્યક્તિ એવી ઈચ્છા હૃદયમાં અચૂક રાખે છે કે તેની યોગ્ય કદર થાય અને જે કામ નાણાંથી થાય તો સાચી પ્રશંસાથી ચોક્કસ થઈ શકે છે. બાળપણના તબક્કા બાદ યુવાવસ્થા આવે એટલે આભને આંબી જવા તમન્ના થાય જે ખુબ અભ્યાસુ થયા હોય તો નોંધપાત્ર પ્રગતિ કરી જાય છે ! અભિગમ અને દૃષ્ટિ જે રીતે કેળવાયા હોય તે પ્રણામે જીવનના માર્ગે યુવાવર્ગ જાય છે. ભણતર અને ગણતર બંને એક સિક્કાની બે બાજુ જેવા છે. ભણવામાં અતિશય મહેનત કરે એ કહેવાતા વ્યવહારો રીત-રિવાજોમાં ગણતર વિનાની છાપ ધરાવતા થાય છે ! બધુ જ કંઈ પુસ્તકોમાંથી નથી મળતું એટલે ઘર, મિત્રો, ગુરુજનો સમાજ પણ સામાજિક જીવન શૈલીના ઉઠાવ માટે નોંધપાત્ર ભૂમિકા અદા કરતા જ હોય છે.

છેલ્લા એકાદ દાયકાની વાત જો કરીએ તો ભારતનાં યુવાવર્ગના લોકો કે જેની પાસે ઉચ્ચ કક્ષાની ડિગ્રી અને સારી ટકાવારી તથા ધ્યેય છે તે લોકો વિદેશમાં જઈ નોકરી યા વ્યવસાય કરવા જઈ રહ્યા છે પરંતુ આ પ્રક્રિયામાં હવે ખુબ વધારો જોવા મળી રહ્યો છે. તેને કોઈ નકારી શકે તેમ નથી. વિદેશમાં જઈને કમાવું તથા મસ્તીથી રહેવું ઓ આજના યુવક-યુવતીનો જીવન મંત્ર બની ગયો છે અને આર્થિક રીતે સક્ષમ નથી તેઓને બેન્ક લોન પણ ઉપલબ્ધ છે. શ્રીમંત ઘરનાં સંતાનો તો ભારતમાં રહેવા ઈચ્છતા જ નથી, એ વિદેશમાં ભાવિ જુએ છે. મધ્યમવર્ગ તેના સંતાનોના સુખમાં પોતાનું હિત જોઈ બધી જ મદદ કરી આર્થિક રીતે કંગાળ જેવી હાલતમાં આવે છતાં આ માહોલમાં સુધારો આવ્યો નથી. પ્રથમ દૃષ્ટિએ આ મુદ્દો કોઈને વિચાર કરવા પ્રેરે તેવું નથી છતાં આ એક અત્યંત સંવેદનશીલ અને ચિંતા થાય તેવો પ્રશ્ન છે. હવે તો ભારતમાં બધું જ પુષ્કળ યોજનાઓ છે તેમ છતાં વિદેશ જવાનું વલણ અતિ ગંભીર છે જેના પર થોડી કડવી હકીકતોની ચર્ચા કરવી છે કેમ કે આ તબક્કે ધ્યાન નહિ અપાય તો દેશનું ભાવિ હતાશા ભર્યું બની શકે છે !

એક સર્વેક્ષણ મુજબ પ્રતિ વર્ષ દસ લાખ જેટલાં વિદ્યાર્થીઓ વિદેશ જઈ ત્યાં કાયમી સેટલ થવાના હેતુથી અભ્યાસ માટે જાય છે, એક વિદ્યાર્થીનો સરેરાશ ખર્ચ કમ કે કમ ૨૦ થી ૨૫ લાખનો ગણીએ તો આ હજારો કરોડનો બિઝનેશ છે ! છેલ્લા પાંચ વર્ષમાં વિદેશ જવાની બાબતમાં ૨૦ થી ૩૦ ટકાનો ઉછાળો આવ્યો છે તેની પાછળનાં ક્યાં પરિબળો છે અથવા શું જવાબદાર છે એ ચર્ચાનો પણ વિષય છે જ!! બહુ જ વિશાળ પ્રમાણમાં આપણું ઉમદા બુદ્ધિધન ઝડપથી જઈ રહ્યું છે તે અંગે કોઈને કશી જ ચિંતા નથી અને ભારતના યુવાવર્ગના લોકો માટે વિદેશો માનભેર સ્વીકારે છે કે જયાં નીતિનિયમો, અનુશાસન, રોજગાર અને સાનુકૂળ જીવન ઉપલબ્ધ છે એટલે ત્યાં જવાની ઈચ્છા સહજ રીતે વધતી જાય છે. સહજ રીતે હાલ વિદ્યાર્થીઓ કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, જર્મની જેવા દેશોમાં જવા તત્પર છે જયાં માણસને માણસ તરીકે ટ્રિટમેન્ટ મળે છે. ઉપરાંત તેઓ તેના ભાવિને પણ ઉમદા રીતે જૂએ છે. આપણો આંબા વાવ્યા કરીએ, ઉછેરીએ પરંતુ ફળ આપણા હિસ્સામાં રહેતું નથી તેવી બાબત છે. માનનીય સ્વ વડાપ્રધાન અટલજીએ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી એ ઉચિત જણાય છે. આપણે ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કિલડ્ ઈન્ડિયા જેવી યોજનાઓ અમલમાં મુકી જ છે. અને ૨૦૨૦ જૂન બાદ આત્મનિર્ભર ભારતના માર્ગો નોંધપાત્ર વિકાસ પણ કર્યો છે. નવા ભારતના ઈરાદાઓ નવા અને મજબૂત છે જેનાથી આપણી સુરક્ષા પણ મજબૂત બની છે એ સ્વીકારવું પડે જેના માટે માનનીય નરેન્દ્ર મોદીજીનો લાખ લાખ અભિનંદન આપવા જ પડે. દેશના લોકો થકી દેશ મહાન બની શકે છે જયા ઉમદા નેતૃત્વ પણ હોય એટલે આગામી વર્ષોમાં ભારત એવું રાષ્ટ્ર બને કે વિદેશોમાંથી લોકો અહીં આવે અને સ્થાયી પણ બને, જો આવું થશે તો આપણા યુવાવર્ગના લોકોની ઘેલછા જે પરદેશ જઈ ત્યાં સેટલ થવાની છે તેનો પણ અંત આવશે. હવે જરૂરત છે આ મોરચે લક્ષ્ય ગોઠવવાની જેમાં નવા નવાં જોબની અને જોગવાઈઓ સહજ રીતે ઉપલબ્ધ હશે !

હાલમાં જ ટેક્સટાઈલ પાર્ક વિવિધ રાજયોમાં 'મૈત્રી' નીતિ મુજબ શરૂ કરવાનું આયોજન જાહેર થયું તે માટે સરકારશ્રીને અભિનંદન આપવા પડે. આ પ્રકારે અલગ અલગ ક્ષેત્રમાં ઉમદા ડિગ્રીવાળા ને તક આપીને આકર્ષી શકાય તેમ છે. ખાનગીકરણથી ભ્રષ્ટાચાર ઉપર અંકુશ લાગી શકે છે પરંતુ નવા નવા પ્લાનિંગથી આત્મનિર્ભરતા આપણે ઝડપથી સાકાર કરી શકીશું. ટેક્સટાઈલમાં ભારત માટે આ નવા નવા આયોજનમાં એ પણ ટકી જશે. બેન્કોનું વિલિનિકરણ ચાલી રહ્યું ચે. તેમાં મજબૂતાઈ લાવવા ઉચ્ચ પોસ્ટ માટે સીધી નવી ભરતી દ્વારા સ્થિતિ જરૂર આવકારદાયક બનશે. હવે આ દેશ વાસ્તવમાં બદલાઈ રહ્યો છે માટે શુભ દિવસો માટે તત્પરતા દાખવીએ તથા સરકારના પ્રયાસોમાં સહભાગી થઈએ એટલે જ સાચું 'વંદે માતરમ્'.